# યણે આંચ
# ાહિં

મુકુલ કલાર્થી



હરિઃ ૐ આશ્રમ પ્રકાશન



પૂજ્ય શ્રીમોટા

જન્મ : ૪-૯-૧૮૯૮ દેહોત્સર્ગ : ૨૩-૭-૧૯૭૬

હરિઃ ૐ

હરિઃ ૐ આશ્રમ સંચાલિત

ગિજુભાઈ સ્મારક બાલજીવન ઘડતર યોજના

પુષ્પ વીસમું

(પુષ્પ ૪થાની દ્વિતીય આવૃત્તિ)

# સાચને આંચ નહિ

[ગુણ-ભાવપ્રેરક વાર્તાઓ]

લેખક

શ્રી મુકુલભાઈ કલાર્થી

હરિઃ ૐ આશ્રમ પ્રકાશન

● પ્રકાશક :
હરિઃ ૐ આશ્રમ નડિયાદ ૩૮૭૦૦૧

● શ્રી મુકુલ કલાર્થી

● દ્વિતીય આવૃત્તિ : ૧૯૮૪

● પ્રત : ૫૦૦૦

● પૃષ્ઠ સંખ્યા : ૪૨ + ૮ = ૫૦

● પૂજ્ય શ્રીમોટાનો એક ફોટો તથા ૭ રેખાચિત્રો

● કિંમત રૂપિયા ૩-૦૦

પ્રાપ્તિસ્થાન :
(૧) હરિઃ ૐ આશ્રમ, નડિયાદ ૩૮૭ ૦૦૧
(૨) હરિઃ ૐ આશ્રમ, સુરત ૩૯૫ ૦૦૫

● બ્લૉક બનાવનાર :
પંકજ પ્રોસેસ સ્ટુડિયો, પખાલીની પોળ સામે, રાયપુર,
અમદાવાદ ૩૮૦ ૦૦૧

● આવરણ સંયોજન : શ્રી જય પંચોલી, 'નીરજ' ૫,
હેમધ્રુવ સોસાયટી, અમદાવાદ-૩૮૦૦૦૧

● આવરણ-મુદ્રણ : દીપક પ્રિન્ટરી, અમદાવાદ ૩૮૦ ૦૦૧

● મુદ્રક :
પ્રવીણચંદ્ર નટવરલાલ ગામી
પ્રણવ પ્રિન્ટર્સ
૧૧/અ, વિજય કૉલોની,
સરદાર પટેલ કૉલોની પાસે,
ઉસ્માનપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩

# સમર્પણાંજલિ

પૂજ્ય શ્રીમોટા અને હરિઃ ૐ આશ્રમ(સુરત) સાથે
તેની સ્થાપના સને ૧૯૫૮માં થઈ તે પહેલાંથી તે આજ પર્યંત
એકધારો અતૂટ પ્રેમભાવ દાખવી
સતત અમોને સહાયક થઈ રહેલા છે તથા
મેસર્સ રણછોડદાસ ઘેલાભાઈ તાપીદાસ–તમાકુવાળાની
પ્રખ્યાત પીઢ પેઢીના વડીલ ભાગીદાર તરીકે પેઢીના
અને કુટુંબના પ્રશ્નોને કુનેહપૂર્વક હલ કરી રહેલા છે
તેમજ સમાજના અને જ્ઞાતિના ઉત્થાન સારુ
જૈફ ઉમરે પણ
સક્રિય રસપૂર્વક સતત કાર્યશીલ રહ્યા કર્યા છે
એવા

**શ્રી નટુભાઈ (નટવરભાઈ આર.) રણછોડદાસ**
**તમાકુવાળા(સુરત)ને**

સસ્નેહ સમર્પણ

હરિઃ ૐ આશ્રમ
સુરત
તા. ૧૦–૪–૮૪ —નંદુભાઈ

હરિઃ ૐ

# નિવેદન

શ્રી ગિજુભાઈ સ્મારક બાલજીવન ઘડતર યોજનામાં પુષ્પ વીસમું પુષ્પ ૪ થાની દ્વિતીય આવૃત્તિ — હરિઃ ૐ આશ્રમ પ્રકાશન તરીકે પ્રસિદ્ધ કરતાં આનંદ થાય છે.

આ પુસ્તિકાના લેખક શ્રી મુકુલભાઈ કલાર્થી — આવા ગુણ-ભાવ-પ્રેરક વાર્તાઓના સિદ્ધહસ્ત લેખક — નો અમોને સહકાર સાંપડ્યો છે એ અમો માટે આનંદનો વિષય છે. અમે તેમના આભારી છીએ.

પંકજ પ્રોસેસ સ્ટુડિયો, રાયપુર, અમદાવાદના માલિક શ્રી રમેશભાઈ સરૈયા અને ભરતભાઈ વિનામૂલ્યે અમને કાયમ બ્લોકો બનાવી આપે છે તેમનો; શ્રી જય પંચોલીએ મુખપૃષ્ઠ ડિઝાઇન તથા અંદરનાં છ રેખાચિત્રો કરી આપ્યાં છે તેમનો; પ્રણવ પ્રિન્ટર્સના શ્રી પ્રવીણભાઈ ગામી અને કર્મચારીઓએ આ ઝડપથી છાપી આપ્યું છે તેમનો સૌનો અમો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.

૧૦–૪–૮૪ —નંદુભાઈ

હરિઃ ૐ આશ્રમ, સુરત મૅનેજિંગ ટ્રસ્ટી

# ઓ ઈશ્વર ! ભજીએ તને

ઓ ઈશ્વર ! ભજીએ તને,
મોટું છે તુજ નામ,
ગુણ તારા નિત ગાઈએ,
થાય અમારાં કામ;
હેત લાવી હસાવ તું,
સદા રાખ દિલ સાફ,
ભૂલ કદી કરીએ અમે,
તો પ્રભુ ! કરજે માફ.

*

હરિઃ ૐ

## અનુક્રમણિકા

૧. સાચને આંચ નહિ ૧
૨. આસપાસ આકાશમાં.... ૬
૩. જાતમહેનત ઝિંદાબાદ ૧૫
૪. બિલની રકમ મળી ગઈ ૨૦
૫. સંતની સોબત ઉપાધિ ટાળે ૨૭
૬. પંખીઓની લડાઈ ૩૩

## હરિઃ ૐ આશ્રમ પ્રેરિત અન્ય પુસ્તકો

| | | |
|---|---|---|
| ૧. | હજ્સીઓનો પનોતો પુત્ર | ૮–૦૦ |
| ૨. | શૂન્યમાંથી સર્જન | ૬–૦૦ |
| ૩. | અંતિમ ઝાંખી | ૧–૫૦ |
| ૪. | પદરજનો પ્રતાપ | ૩–૫૦ |
| ૫. | આશ્રમની અટારીએ | ૧૦–૦૦ |
| ૬. | મુક્તાત્માનો પ્રેમસ્પર્શ | ૫–૦૦ |
| ૭. | કેન્સર સામે પૂ. મોટાના પત્રો | ૩–૦૦ |
| ૮. | સંતહૃદય | ૪–૦૦ |
| ૯. | પૂજ્ય મોટાનો જીવનસંદેશ | ૩–૦૦ |
| ૧૦. | દામ્પત્યભાવના — | ૨૦–૦૦ |
| ૧૧. | વિધિવિધાન, પૂ. મોટારચિત | ૨–૦૦ |
| ૧૨. | સદ્ગુરુ પૂજ્ય મોટા | ૧–૦૦ |
| ૧૩. | નામસ્મરણ | ૧–૦૦ |
| ૧૪. | કસરતો – ૪ | ૪૨–૦૦ |
| ૧૫. | ખેલકૂદ – ૫ | ૩૭–૯૫ |
| ૧૬. | ભારતદર્શન | ૪૦–૦૦ |
| ૧૭. | રસાયણવિજ્ઞાન – ૫ | ૫૦–૦૦ |
| ૧૮. | ,, ૬ | ૫૦–૦૦ |
| ૧૯. | ,, ૭ | ૫૦–૦૦ |
| ૨૦. | પ્રભાશંકર પટ્ટણી જીવનપ્રસંગો | * |
| ૨૧. | હિન્દુ દર્શન | ૧૫–૦૦ |
| ૨૨. | જૈન દર્શન | ૧૮–૦૦ |
| ૨૩. | ઇસ્લામ દર્શન | ૧૨–૦૦ |
| ૨૪. | બૌદ્ધ દર્શન | ૧૫–૦૦ |
| ૨૫. | ખ્રિસ્તી દર્શન | ૧૩–૦૦ |
| ૨૬. | પ્રાર્થનાપોથી | ૧–૦૦ |
| ૨૭. | માતૃદર્શન | ૮–૦૦ |

| | |
|---|---|
| ૨૮. ભારત મારો દેશ | ૧૫-૦૦ |
| ૨૯. સમુદ્રની અજાયબ જીવસૃષ્ટિ | ૨૬-૦૦ |

## હરિઃ ૐ આશ્રમ પ્રેરિત બાલસાહિત્ય

| | | |
|---|---|---|
| ૧. શિશુ રામાયણ | (રંગીન ચિત્રો સાથે) | ૧૦-૦૦ |
| ૨. શિશુ મહાભારત | ,, | ૧૦-૦૦ |
| ૩. વીર વિક્રમ | ,, | ૩-૫૦ |
| ૪. લાકડાનો ઘોડો | ,, | ૩-૫૦ |
| ૫. ઘેલા ભટ્ટ | ,, | ૩-૫૦ |
| ૬. શૈશવની ફોરમ | — | ૨-૭૫ |
| ૭. મનની મોટાઈ | — | ૨-૨૫ |
| ૮. છીપલાંનાં મોતી | (સચિત્ર) | ૫-૦૦ |
| ૯. અમીછાંટણાં | — | ૩-૦૦ |
| ૧૦. મહેનતની મીઠાશ | — | ૩-૦૦ |
| ૧૧. ધરતીની મહેક | (રેખાચિત્રો સાથે) | ૩-૦૦ |
| ૧૨. ગાગરમાં ભર્યો સાગર | ,, | ૩-૦૦ |
| ૧૩. બાલવાડીનાં ફૂલડાં | — | ૩-૦૦ |
| ૧૪. વાંચવા જેવી વાતો | (રેખાચિત્રો સાથે) | ૨-૫૦ |
| ૧૫. મૂડી મહાન) | ,, | ૮-૦૦ |
| ૧૬. પૂજ્યશ્રી મોટા | — | ૨-૦૦ |
| ૧૭. રસભરી વાતો | (રેખાચિત્રો સાથે) | ૩-૦૦ |
| ૧૮. મોટાઈની ચડસાચડસી | ,, | ૩-૫૦ |
| ૧૯. પીડ પરાઈ જાણે રે | ,, | ૩-૦૦ |
| ૨૦. સાચને કદી આંચ નહિ | ,, | ૩-૦૦ |
| ૨૧. મીઠી મઝાની વાતો | ,, | ૩-૦૦ |
| ૨૨. સુવર્ણની માયા | ,, | ૩-૦૦ |
| ૨૩. પ્રેરણાનું ભાથું (૫૦ પ્રેરક પ્રસંગો) | ,, | ૬-૦૦ |

# ૧

# સાચને આંચ નહિ

એક હતો છોકરો. એનું નામ હતું રઘુ.

રઘુના બાપા કાછિયાનો ધંધો કરતા હતા. શાકબજારમાં તેમની શાકભાજીની દુકાન હતી.

રઘુ નિશાળે જતો હતો. પણ સવારસાંજ તે બાપાની સાથે દુકાને પણ બેસતો.

રઘુના બાપા ઘરડા હતા. એટલે ઘણી વાર તે માંદા પડી જતા. ત્યારે રઘુ દુકાન ચલાવતો.

રઘુ ચોથી ચોપડીમાં હતો. તે વખતે બાપા ખૂબ બીમાર પડી ગયા. એ માંદગી લાંબી ચાલી. છેવટે રઘુના બાપા ગુજરી ગયા!

રઘુ એકનો એક દીકરો. એને એક નાની બહેન પણ હતી. એટલે ઘરનો બધો ભાર નાના રઘુ પર આવી પડ્યો.

રઘુ સમજદાર છોકરો હતો. બાપા સાથે રોજ દુકાને બેસતો. તેથી એનામાં શાકભાજી વેચવાની આવડત આવી ગઈ. તેણે શાળા છોડી દીધી અને તે દુકાને બેસવા લાગ્યો.

રઘુનાં બા કામગરાં હતાં. તે પણ રઘુને મદદ કરવા લાગ્યાં. બા અભણ પણ સમજુ અને ઈશ્વરમાં નિષ્ઠા રાખનારાં હતાં.

બા ઘણી વાર રઘુને કહેતાં : 'દીકરા, કોઈને છેતરવું નહિ. નાનું બાળક આવે કે કોઈ મોટું આવે સૌને બરાબર આપવું. આપણે પ્રમાણિક રહેવું. તો જ ભગવાન આપણને બરકત આપશે. સાચે રસ્તે ભલે આપણને બે પૈસા ઓછા મળે પણ લાલચમાં ફસાઈને કોઈને છેતરવા તો નહિ જ.'


રઘુ બાની શિખામણ શાંતિથી સાંભળતો. તે કહેતો : 'બા, તમે ચિંતા ન કરો. હું એ પ્રમાણે જ દુકાન ચલાવીશ.'

રઘુ દુકાને જતાં પહેલાં ભગવાનને પગે લાગતો. બાને પણ પગે લાગતો. દુકાન ખોલી ઉંમરાને પગે લાગતો અને શ્રીહરિનું સ્મરણ કરી શાકભાજી વગેરે ગોઠવતો.

આજુબાજુના દુકાનદારો પણ રઘુ તરફ ભાવ રાખતા અને મદદ કરતા.

રઘુ દરેક ઘરાક સાથે મીઠાશથી વર્તતો. ઘરાકો પણ એના વર્તનથી રાજી થતા અને એની દુકાનેથી શાકભાજી ખરીદવાનું રાખતા.

એક દિવસની વાત છે. બપોરનો વખત હતો. એક માણસે આવીને રઘુને કહ્યું: 'પેલું તડબૂચ બતાવને!' રઘુએ તડબૂચ એની આગળ ધર્યું.



પેલા માણસે કહ્યું : 'અલ્યા છોકરા, તડબૂચ તાજું છે કે?'

રઘુએ સહજ રીતે જવાબ આપ્યો : 'ના સાહેબ, એ તાજું તો નથી જ. બેચાર દિવસ થઈ ગયા છે.'

પેલા માણસે તડબૂચ પાછું આપતાં કહ્યું : 'મારે તો તાજું તડબૂચ જોઈએ છે.'

પછી તે માણસ બાજુની દુકાને ગયો.

બીજા દુકાનદારે પેલા માણસને આવકાર આપતાં કહ્યું : 'આવો, આવો, શેઠ સાહેબ! આપની શી

સેવા કરું ?'

પેલા માણસે કહ્યું : 'તારે ત્યાં તડબૂચ તાજાં છે કે ?'

દુકાનદાર મલકાતો કહે : 'અરે, શેઠજી, મારે ત્યાં બધું જ તાજું છે. તડબૂચ તો હાલ અત્યારે જ આવ્યાં છે, કોઈ પણ તડબૂચ લઈ લો. કહેતા હો તો અહીં જ કાપી આપું. પસંદ ન પડે તો પાછું. મારે પણ વેપાર કરવો છે ને! તમને એક વાર છેતરું તો બીજી વાર તમે અહીં આવો જ શાના ? તમે બેફિકર થઈ કોઈ પણ તડબૂચ લઈ જાઓ. ખાશો ત્યારે તમને એની ખાતરી થશે.'

દુકાનદારની મીઠી મીઠી વાતો સાંભળીને પેલા માણસને એની વાતમાં વિશ્વાસ બેઠો. તે બોલ્યો : 'ભલે, એક સારું તડબૂચ કાઢી આપ. મારે એને અહીં કાપવું નથી. તાજું છે એટલું પૂરતું છે.'

પેલા દુકાનદારે મોટું તડબૂચ જોખી આપ્યું. પૈસા આપીને પેલો માણસ ચાલ્યો ગયો.

ઘરાક ચાલ્યો ગયો. એટલે પેલો દુકાનદાર હસતો હસતો રઘુને કહેવા લાગ્યો : 'અલ્યા છોકરા, તું તો સાવ મૂરખ છે મૂરખ !'

રઘુ નવાઈ પામી બોલ્યો : 'કાકા, મારો શો

વાંકગુનો ?'

દુકાનદાર કહે : 'અલ્યા, તને હજી વેપાર કરતાં નથી આવડતો! આ રીતે કાંઈ વેપાર થતા હશે ?'

રઘુ કહે : 'કાકા, મેં એવી શી ભૂલ કરી છે? મને તમારી વાત સમજાતી નથી!'

દુકાનદાર હસતો હસતો બોલ્યો : 'એટલે જ કહું છું ને કે તું મૂરખનો સરદાર છે! આપણે આપણા જ માલને ખરાબ કહીએ, પછી એને કોણ ખરીદે? મારું તડબૂચ વાસી હતું, છતાં મેં તેને તાજું જ છે એમ કહ્યું. એમ ન કહું તો એને લે કોણ? જો ને, તારું તડબૂચ વાસી છે, એમ તેં કહ્યું, એટલે આખરે પડી રહ્યું ને ?'

રઘુ કહે : 'કાકા, એમાં શું થઈ ગયું ? ખોટું કહીને મારે વેચવું નથી.'

દુકાનદાર એના ભોળપણ પર હસતો બોલ્યો : 'અરે, આમ કાંઈ દુકાન ચાલે ખરી ? ભાઈસાહેબ, જરા વેપાર કરતાં શીખ. બધી વાતમાં સત્યવાદી હરિશ્ચંદ્ર બનવામાં સાર નથી. સમજ્યો કે ?'

રઘુ એ દુકાનદારની વાત સાંભળીને કહે : 'કાકા, મેં તો સાચી હકીકત ઘરાકને જણાવી. કોઈને ખોટું બોલીને કેમ છેતરાય ? બે પૈસા

કમાવા માટે જૂઠું બોલવું સારું નહિ. એથી ભગવાન રાજી નહિ થાય.'

હવે પેલો ઘરાક તડબૂચ ઘેર લઈ ગયો. બાળકો તડબૂચ જોઈને રાજી થઈ ગયાં. પેલા માણસે તડબૂચ કાપ્યું. જોયું તો બગડેલું નીકળ્યું! તેને થયું. 'અરે મને પેલા દુકાનદારે છેતર્યો! તાજું કહીને વાસી તડબૂચ તેણે મને પધરાવી દીધું.'

પછી તે દિવસથી તે માણસ પેલા સાચાબોલા છોકરાની દુકાનેથી જ શાકભાજી વગેરે ખરીદવા લાગ્યો. કેમ કે, એ છોકરો જૂઠું બોલી છેતરતો નથી, એવી તેને ખાતરી થઈ ગઈ હતી.

એ રીતે ધીમે ધીમે રઘુની શાખ બંધાઈ અને ઘણા લોકો તેની દુકાનેથી જ શાકભાજી, ફળ વગેરે માલ ખરીદવા લાગ્યા.

## ૨

## આસપાસ આકાશમાં....

એક હતો રાજા. તે વાડીનો શોખીન હતો. એની વાડીમાં જાતજાતનાં ફળઝાડ હતાં. ચીકુ,

દાડમ, લીંબુ, જમરૂખ વગેરે ઋતુઋતુનાં ફળ વાડી-માં થતાં. કેરીની તો ઘણી જાતો હતી.

વાડીનું કામકાજ જોવા–સાચવવા એક માળી રાખ્યો હતો માળીનું નામ હતું માધુ. માધુ સાચા દિલથી કામ કરતો. માધુ સોળેક વર્ષનો હતો ત્યારથી વાડીમાં કામ કરતો હતો.

રાજા પણ વખત મળે ત્યારે વાડીમાં આંટો મારી આવે. ઝાડ સાથે પણ એને જાણે દોસ્તી થઈ ગઈ હતી. કયા ઝાડ પર ફળ બેઠાં છે, કયા ઝાડનાં ફળ ઉતારવા જેવાં થયાં છે, એની પણ રાજાને સમજ પડતી. રાજા વાડીમાં આવે, એટલે બધા નોકર–ચાકરો બધે ફરી વળે અને બધું ચોખ્ખું ચણાક કરવા મંડી પડે. માધુ રાજાને જુદા જુદા ઝાડ પાસે લઈ જાય અને એ વિશે બધી હકીકત આપે.

આમ કરતાં ઘણાં વરસ વહી ગયાં. માધુને એકનો એક દીકરો હતો. એનું નામ હતું રામુ.

રામુનાં બા ગુજરી ગયાં હતાં. એટલે માધુ એને સાચવતો હતો. રામુ સમજણો છોકરો હતો. બાપાની મુશ્કેલી તે સમજતો હતો. નિશાળેથી આવીને તે ઘરકામમાં મદદ કરતો. સવારે પણ

બાપાને રસોઈ કરવામાં મદદ કરતો. ઘરને વાળી-ઝૂડીને સાફ રાખવાનું રામુ હોંશે હોંશે કરતો.

રામુ પહેલી ચોપડીમાં સુભાષિતો શીખ્યો હતો. એમાં એક સુભાષિત એને ખૂબ ગમી ગયું હતું:

'ચોખ્ખો ઘરનો ઓટલો, ચોખ્ખો ઘરનો ચોક;
ચોખ્ખું મારું આગણું, ચોખ્ખાં મેડી ગોખ.'

નિશાળમાં સુવચન લખેલું હતું:

'સ્વચ્છતા ત્યાં પ્રભુતા'

એટલે રામુને બધું સ્વચ્છ રાખવાનું ગમતું.

વખત જતાં માધુ ઘરડો થયો. તે બીમાર પણ રહેતો હતો. એટલે તેનું શરીર બહુ કામ આપતું નહિ. પણ જો તે વાડીમાં કામે ન જાય, તો ઘર કેમ ચાલે? તેથી તે ખેંચ્યે રાખતો હતો.

પરંતુ ઘણી વાર માધુ વખતસર ઊઠી શકતો નહિ. એટલે તે મોડો પડતો. કોઈ વાર તાવ આવી જતો. તેથી એને ગેરહાજર રહેવું પડતું.

રાજાએ એક દિવસ માધુને બોલાવ્યો. રાજા કહે: 'અલ્યા માધુ, હમણાં હમણાં તું વાડીનું કામ બરાબર સંભાળી શકતો નથી. હવે તું ઘરડો થયો. એટલે તને અમે છૂટો કરીએ છીએ. નવો માળી બધું કામ કરશે. હવે તું વાડીએ આવતો નહિ.

ઘેર રહી આરામ કર.'

માધુ આ સાંભળી ઉદાસ થઈ ગયો. તે રાજાને નમન કરી ઘેર ગયો.

બાપાને ચિંતામાં બેઠેલા જોઈને રામુએ પૂછ્યું: 'બાપા, તમારી તબિયત સારી નથી કે શું? આમ ઉદાસ કેમ બેઠા છો?'

માધુએ નાનકડા રઘુના માથા પર હેતથી હાથ ફેરવતાં ફેરવતાં બધી વાત કહી સંભળાવી.

રામુ બારેક વર્ષનો હતો. ૧૨ વર્ષનો છોકરો, પણ સમજ હતી ૨૧ વર્ષના માણસ જેટલી. એટલે બાપાને હિંમત આપતાં તે બોલ્યો: 'બાપા, ચિંતા ન કરો. હું એવું હોય તો ભણવાનું છોડી દઈશ અને કામે લાગી જઈશ.'

માધુ કંઈ બોલ્યો નહિ.

° ° °

એક દિવસે માધુએ સૂતેલા રામુને ઢંઢોળીને જગાડ્યો. રામુ આંખો ચોળતો ચોળતો ઊઠ્યો.

માધુએ કહ્યું: 'રામુ, ચાલ મારી સાથે.'

રામુ કશું બોલ્યા-કર્યા વિના બાપાની પાછળ પાછળ ચાલવા લાગ્યો.

વાડી આવી. માધુ વાડીમાં દાખલ થવાનો

છૂપો રસ્તો જાણતો હતો. તેણે ધીમેથી ઝાંપો ઉઘાડ્યો. બંને જણા વાડીમાં દાખલ થયા.

માધુ એક આંબાના ઝાડ નીચે આવીને ઊભો રહ્યો. તેણે આજુબાજુ નજર ફેરવી. કોઈ દેખાયું નહિ. હજી સવારનું અજવાળું થયું ન હતું. એટલે એ લોકોને કોઈ જોઈ શકે એમ ન હતું.

માધુ ધીમેથી ઝાડ પર ચડ્યો. રામુ ઝાડ નીચે ઊભો રહ્યો.

એ જ વખતે રાજા પણ વહેલી સવારે ફરતો ફરતો વાડી ભણી આવતો હતો. તેણે બે જણાને વાડીના છૂપા રસ્તેથી વાડીમાં દાખલ થતા જોયા.

રાજાને થયું, ફળ ચોરવા 'કોઈ વાડીમાં ઘુસ્યા છે. લાવ, હું પણ છાનોમાનો અંદર જાઉં અને શું થાય છે એ જોઉં.'

એમ વિચારીને રાજા છાનોમાનો વાડીમાં દાખલ થયો અને એક ઝાડની ઓથે સંતાઈને જોવા લાગ્યો.


માધુએ આંબા પર ચઢીને સારી સારી કેરીઓ તોડીને ઝોળીમાં ભરવા માંડી.

થોડી વાર પછી માધુએ ધીમે અવાજે પૂછ્યું: 'અલ્યા રામુ, આપણને કોઈ જોતું તો નથી ને?'

રામુ, સહજ રીતે બોલી ઊઠ્યો: 'હા બાપા,

આપણને કોઈક જુએ છે ખરું.'

એ સાંભળતાં જ માધુ સડસડાટ ઝાડ પરથી નીચે ઊતરી પડ્યો. તેણે ગભરાટમાં પૂછ્યું : 'અલ્યા, આપણને કોણ જુએ છે?'



રામુ બોલ્યો : 'ઈશ્વર.'

રામુ શાળામાં એક કવિતા શીખ્યો હતો :

'આસપાસ આકાશમાં, અંતરમાં આભાસ,
ઘાસ ચાસની પાસ પણ વિશ્વપતિનો વાસ.'

રામુને એ કવિતા સમજાવતાં શિક્ષકે કહેલું બરોબર યાદ રહી ગયું હતું : 'ઈશ્વર બધે રહેલો છે. એવી એક પણ જગ્યા નથી જ્યાં ઈશ્વર ન હોય. માટે ઈશ્વર બધું જુએ છે, એટલું જો માણસ યાદ

રાખે, તો એનાથી કદી બૂરું કામ થાય નહિ....'

માધુ 'ઈશ્વર' શબ્દ સાંભળતાં જ ચમક્યો. તેણે બધી કેરીઓ ત્યાં ને ત્યાં ભોંય પર ફેંકી દીધી.

રામુનો હાથ પકડી માધુ વાડીની બહાર નીકળી ગયો.

રાજા જે ઝાડની ઓથે સંતાયો હતો, ત્યાંથી જ એ બંને પસાર થયા હતા. રાજાએ માધુને તરત જ ઓળખી લીધો.

રાજા ક્યારનો આ બધું જોતો હતો ખરો. પરંતુ માધુ શા માટે ઝાડ પરથી એકદમ ઊતરી ગયો એ તેને સમજાયું નહિ. રાજાને વધારે નવાઈ તો એ વાતની થઈ કે, માધુએ તોડેલી કેરીઓ શા માટે ઝાડ નીચે નાખી દીધી.

રાજા પણ આ વિશે તર્કવિતર્ક કરતો વાડીની બહાર નીકળ્યો અને પોતાના મહેલમાં ગયો.

તે જ દિવસે દરબાર ભરાયો, ત્યારે રાજાએ સેવકને હુકમ કર્યો: 'માધુ અને તેના દીકરાને હમણાં ને હમણાં દરબારમાં હાજર રહેવા કહી આવ.'

સેવક માધુને ત્યાં ગયો. તેણે રાજાનો હુકમ કહી સંભળાવ્યો.

રાજાનો હુકમ સાંભળીને માધુના મોતિયા મરી ગયા! તેને થયું, 'હું રાજાની વાડીમાં ચોરી કરવા પેઠો હતો. એની જાણ રાજા સાહેબને થઈ હશે. નહિ તો મને અને રામુને દરબારમાં તરત જ હાજર રહેવાનો હુકમ તેઓ શા માટે કરે?'

માધુને ખૂબ પસ્તાવો થવા લાગ્યો. જિંદગીને આરે તેને આવી કુબુદ્ધિ ક્યાંથી સૂઝી? હવે શું થાય? કરેલા કર્મનું ફળ ભોગવ્યા વિના કંઈ છૂટકો છે? પણ બિચારા રામુને નાહકનું ભોગવવું પડશે!

આમ વિચાર કરતો તે રામુને લઈને સેવક સાથે દરબારમાં ગયો.

રાજાએ માધુને પૂછ્યું: 'અલ્યા માધુ, તું વહેલી સવારે વાડીમાં શા માટે દાખલ થયો હતો?'

માધુ ધ્રૂજતો ધ્રૂજતો બોલ્યો: 'મહારાજ, મને માફ કરજો. ઘરમાં ખાવાનું ખૂટી ગયું હતું એટલે મને અવળી મતિ સૂઝી! હું કેરી ચોરવા માટે વાડીમાં દાખલ થયો હતો.'

રાજાએ કહ્યું: 'બરોબર, પણ તું આંબા પરથી કેરીઓ તોડીને સડસડાટ ઊતરી કેમ ગયો? પછી કેરીઓ બધી ત્યાં જ નાખીને તારા દીકરા સાથે

તું પાછો કેમ ચાલ્યો ગયો? તારા દીકરા સાથે એવી તે શી વાતો થઈ કે તેં આ પ્રમાણે કર્યું?'

માધુ થોડી વાર વિચારમાં ગરકાવ થઈ ગયો. રાજાજીને આ બધી વાતની ખબર શી રીતે પડી ગઈ? જરૂર, કોઈ સંતાઈને અમને જોતું હોવું જોઈએ!

માધુ રાજાજીના પગમાં પડી બોલી ઊઠ્યો: 'મહારાજ, આપની આગળ જૂઠું નહિ બોલું. આપે જે કહ્યું એ બરોબર છે. મારા દીકરા રામુએ મારી આંખ ખોલી!' એમ કહીને માધુએ વાડીમાં બનેલી બધી વાત કહી સંભળાવી.

રાજા એ સાંભળીને મનમાં પ્રસન્ન થયો. રાજાએ રામુને પોતાની પાસે બોલાવીને શાબાશી આપી.

રાજાએ માધુને કહ્યું: 'માધુ, આજથી તું અને તારો દીકરો રામુ વાડીમાં જ રહેજો. તારાથી થાય એટલી વાડીની સંભાળ લેજે. તને તારો પગાર પહેલાંની માફક મળતો રહેશે. તમારા જેવા ઈશ્વરથી ડરીને ચાલનારા માણસની મારે જરૂર છે. તમે સુખેથી વાડીમાં રહો. રામુને પણ આગળ ભણવાની બધી સગવડ હું કરી આપીશ.'

એ સાંભળીને માધુની આંખમાં આનંદનાં

આંસુ ઊભરાઈ આવ્યાં. આભારવશ બની તે રાજાનાં ચરણમાં નમી પડ્યો.

ત્યાર પછી માધુ અને રામુ વાડીએ રહેવા લાગ્યા. રામુ હોંશે હોંશે નિશાળે જવા લાગ્યો.

## ૩

## જાતમહેનત ઝિંદાબાદ !

સ્વામી વિવેકાનંદ અમેરિકા ગયા હતા. તે વખતે એક દિવસ સ્વામીજી રસ્તા પરથી પસાર થતા હતા.

એવામાં એક છાપાં વેચનારો નાનકડો છોકરો આવ્યો. તેણે સ્વામીજી આગળ છાપું ધર્યું અને હસતાં હસતાં કહ્યું : ‘સાહેબ, આપ છાપું ખરીદશો ?’

સ્વામી વિવેકાનંદે આંખ ઊંચી કરી છોકરા ભણી જોયું.

છોકરો દેખાવે સુંદર હતો. તેની આંખમાં ચમક હતી. કપડાં પણ સાફસૂથરાં પહેરેલાં હતાં.

સ્વામીજીએ મધુરું સ્મિત ફરકાવતાં કહ્યું : ‘ના, બચ્ચા, મારે છાપું ન જોઈએ.’

છોકરો કહે : ‘અરે સાહેબ, છાપા વિના તે

કંઈ ચાલે? તાજા સમાચાર તો વાંચો.'

સ્વામીજી કહે: 'ના બચ્ચા, અમારા જેવા સાધુ માણસને છાપાની કશી જરૂર નથી.'

છોકરો આમ પાછો પડે એવો ન હતો. તે બોલ્યો: 'અરે મારા સાહેબ, તમને એ ભારે પડે એમ નથી. છાપાની કિંમત માત્ર એક પેની જ છે. એટલું તો આપી શકો એમ છો.'

સ્વામીજીએ એ છોકરા ભણી સહાનુભૂતિથી જોયું. એમને થયું, આવો સરસ છોકરો આમ છાપું શા માટે વેચતો હશે? એનાં માબાપ કે વાલી નહિ હોય? એ અનાથ હશે? અથવા એના કુટુંબની સ્થિતિ ગરીબ હશે? એવા કેટકેટલા વિચારો સ્વામીજીને આવ્યા.

સ્વામીજીને આમ વિચાર કરતા જોઈને છોકરો ફરી બોલ્યો: 'સાહેબ, એક પેની આપી છાપું તો ખરીદો. છાપું વાંચ્યા વિના કંઈ ચાલે?'

સ્વામીજી વિચારતંદ્રામાંથી બહાર આવી કહે: 'બચ્ચા, મેં તને કહ્યું ને એની મારે શી જરૂર છે?'

છોકરો કંઈ આગ્રહ છોડે એવો ન હતો. તે બોલ્યો: 'અરે મારા સાહેબ, તમને એક પેની ભારે પડે એમ નથી.'

સ્વામીજીએ હવે એના ખભા પર પ્રેમથી હાથ મૂકીને પોતાના મનમાં ઘોળાતો સવાલ પૂછ્યો: 'બચ્ચા, તને એક સવાલ પૂછું તો ખોટું નહિ લાગે ને?'

છોકરો કહે: 'સાહેબ, એમાં ખોટું શું લગાડવાનું? ભલે, ખુશીથી પૂછો.'

સ્વામીજીએ મીઠાશથી કહ્યું: 'બેટા, તારા જેવા કુમળી વયના છોકરાને આમ રસ્તા પર છાપું વેચતો જોઈને મને ખેદ થાય છે. તારો આ બાલ્યકાળ તો રમતગમતમાં અને ભણવામાં પસાર થવો જોઈએ. શું તારે માબાપ નથી? અથવા તારા ઘરની સ્થિતિ ગરીબ છે?'

છોકરો તરત જ બોલી ઊઠ્યો: 'મારા સાહેબ, તમારી ભૂલ થાય છે. મારે માબાપ છે. અમારા ઘરની સ્થિતિ પણ સારી છે. અમે કંઈ ગરીબ નથી.'

સ્વામીજીએ પૂછ્યું: 'તો પછી બેટા, તારે આમ છાપાં વેચવાની ફેરી શા માટે કરવી પડે છે? શું તારા બાપુજીની કમાણી પૂરતી નથી થતી?'

છોકરાએ વિનયપૂર્વક કહ્યું: 'સાહેબ, એવી કશી મુશ્કેલી નથી. હું પોતે કંઈ ગરીબ નથી.

મારી પાસે ૫૦ ડૉલર જેટલી રકમ જમા છે. હું નિશાળે ભણવા પણ જાઉં છું.'

સ્વામીજીએ અધવચ્ચે છોકરાને કહ્યું : 'બેટા, જો ઘરની સ્થિતિ સારી હોય તો આમ પૈસા કમાવા-ની શી જરૂર ?'

છોકરો કહે : 'સાહેબ, અમારા દેશના લોકો માને છે કે, અમે નાનપણથી જાતમહેનત કરી સ્વાશ્રયી બનીએ. છાપાં વેચવામાં કે એવું બીજું કામકાજ કરવામાં અમે નાનમ સમજતા નથી.



એવાં નાનાં નાનાં કામ કરીને અમે અમારા જેટલું કમાઈ લઈએ છીએ.

સાહેબ, મારા શરીર પર આપ જે કપડાં જુઓ છો તે મારી કમાઈમાંથી ખરીદેલાં છે. મારું ઘણું ખરું ખર્ચ હું જાતમહેનત કરીને મેળવી લઉં છું.

સ્વામી વિવેકાનંદ તો આ સ્વાશ્રયી છોકરાની વાતો સાંભળીને ખુશ થઈ ગયા. તેમણે તરત જ એ છોકરા પાસેથી છાપું ખરીદી લીધું.

છોકરો પણ છાપાં વેચવા આગળ ચાલ્યો ગયો.

આ પ્રસંગ પરથી સ્વામી વિવેકાનંદને થયું: 'અરે, મારા દુર્ભાગી દેશ! આ બાળક ભણી જો. કેવો સ્વાશ્રયી બાળક! ક્યાં આવી ઉચ્ચ ભાવના સેવતો આ બાળક અને ક્યાં સવારે ઊઠીને મોં ધોવાનું પણ જેઓને ભાન નથી એવાં આપણાં બાળકો!

'અરે, આપણાં બાળકોની વાત જવા દોને! મોટી ઉંમર હોવા છતાં, જાતમહેનત કરી ગુજરાન કરી શકે એવા હોવા છતાં, બાપને પૈસે મોજ કરનારા અને પાંગળા જેવા બની ગયેલા માણસો આપણે ત્યાં ક્યાં ઓછા છે?

'હે પ્રભુ! મારા ભારતદેશનાં સંતાનોને પણ

આવાં સ્વાશ્રયી બનાવ. એ જ મારી એક પ્રાર્થના છે!'

એમ વિચાર કરતા કરતા સ્વામીજી આગળ ચાલ્યા.

## ૨

## બિલની રકમ મળી ગઈ

એક દિવસ નાનકડા મનુને તાવ આવ્યો.

બે ત્રણ દિવસથી તે બા આગળ ફરિયાદ કરતો: 'બા, બા, શરીર બહુ દુખે છે!'

બાને એમ કે, મનુ સવાર—સાંજ પતંગ ઉડાડવા જાય છે, દોડાધામ કરે છે, એટલે દુઃખતું હશે. એટલે બા કહેતાં: 'અલ્યા મનુ, તું હવે થોડો વખત જંપીને બેસ. આમ પતંગ પાછળ દોડાદોડ કરે, તો શરીર દુખે જ ને!'

પણ આજે સવારે મનુ દરરોજની માફક ઊઠ્યો નહિ. બા એને જગાડવા ઢંઢોળવા લાગ્યાં. જુએ છે તો એનું શરીર ગરમ ગરમ હતું. બાએ કહ્યું: 'અરે, તને તો તાવ છે! ભલે થોડી વાર સૂઈ રહે.'

દશેક વાગ્યા, એટલે બા મનુને ઉપાડીને દાક્તર-

કાકાના દવાખાને લઈ ગયાં.

દાક્તરકાકા ઘરડા હતા. બહુ માયાળુ. બાળકો-ની સાથે દાદાની માફક જ વર્તે. બાળકોને ગળી દવા આપે. બાળકો પણ દાક્તરકાકાની દવા ગટ-ગટાવી જાય.

મનુને જોઈ દાક્તરકાકા હસતા હસતા કહે : 'કેમ અલ્યા મનુ, નિશાળે બહાર રેંકડીવાળા પાસે-થી ભેળભેળ લઈને ખાધું હશે, ખરું ને?'

મનુ બોલ્યો : 'ના દાકતરકાકા, હું કદી બહાર-નું હવે ખાતો નથી. બા નાસ્તો બાંધી આપે છે.'

દાક્તરકાકા હસતા હસતા કહે : 'શાબાશ! શાબાશ! તો આ તાવને હમણાં ભગાડી દઈશું. એ તારે ત્યાં ક્યાંથી ભૂલો પડ્યો?'

દાક્તરકાકા મનુને તપાસવા લાગ્યા.

તપાસીને દાક્તરકાકા બાને કહે : 'કશી ચિંતા કરવા જેવું નથી. સાધારણ તાવ છે. બેચાર દિવસમાં મનુ પાછો નાચતોકૂદતો થઈ જશે.'

આઠેક દિવસમાં મનુ સાજોસમો થઈ ગયો. દાક્તરકાકાએ બાને કહ્યું : 'બસ, કાલથી મનુની દવા બંધ.'

બા બોલ્યાં : 'દાક્તરકાકા, બિલ બનાવી આપો,

એટલે પૈસા ચૂકવી દઉં.'

એ સાંભળી દાક્તરકાકા હસતા હસતા કહે : 'અરે મારાં બહેન, તમે બહુ અધીરાં બની ગયાં! પૈસા ક્યાં ભાગી જવાના છે? અને મેં ક્યાં માગ્યા છે? એમ કરજો, કાલે મનુને જ મોકલજો. હું બિલ બનાવી રાખીશ. પૈસા તમારી સગવડે આપજો. સમજ્યાં કે?'

બા કહે : 'સારું, કાકા.'

બા મનુને લઈને ઘેર આવ્યાં.

બીજે દિવસે મનુ એકલો દાક્તરકાકા પાસે ગયો.

દાક્તરકાકા હસતા હસતા બોલ્યા : 'આવો મનુભાઈ, આજે તો મજામાં છો ને?'

મનુ બોલ્યો : 'દાક્તરકાકા, આજે કશી ફરિયાદ નથી. બાએ બિલ લેવા મોકલ્યો છે.'

દાક્તરકાકા હસતા હસતા કહે : 'બાને કહેજે કે, એમના પાકીટમાં પૈસા ઊભરાવા લાગ્યા છે કે? તારાં બાનો પહેલાંથી સ્વભાવ જ એવો. હજી સુધી કદી બિલ ચૂકવવામાં જરાયે વિલંબ કર્યો નથી.'

એમ કહીને દાક્તરકાકાએ મનુના હાથમાં બિલ આપ્યું.

દાક્તરકાકાને પ્રણામ કરી મનુ બિલ લઈને

ઘેર જવા લાગ્યો. રસ્તે તે બિલ વાંચવા લાગ્યો.

| | | |
|---|---|---|
| | | રૂ. પૈસા |
| આઠ દિવસની દવાના દરરોજના ૭૫ પૈસા લેખે | | ૬=૦૦ |
| ચાર દિવસની દવાના ટીકડીના | | ૨=૦૦ |
| બે ઇંજેકશનના | | ૧=૦૦ |
| | નવ રૂપિયા પૂરા | કુલ ૯=૦૦ |

બિલ વાંચીને મનુને એક તુક્કો સૂઝયો. મને બિલ બનાવતાં આવડે કે નહિ? લાવ, બા પર જ બિલ બનાવીને આપું. જરા ગમ્મત તો જોઈએ!

ઘેર જઈને બાને દાક્તરકાકાનું બિલ આપ્યું.

પછી મનુ એક કાગળ લઈને બેઠો. બા પર શાનું બિલ બનાવવું? થોડી વાર વિચાર કરતો તે બેઠો. પછી હર્ષમાં આવી જઈ તે એકલો જ બોલી ઊઠયો: 'ઓહો! એમાં આટલો બધો વિચાર કરવાની શી જરૂર? બા પર બિલ બનાવતાં કેટલી વાર!'

પછી મનુ લખવા બેઠો:

રૂ. પૈસા

| | |
|---|---|
| બજારમાં આંટાફેરા કરવાના એક<br>માસના દરરોજના બે પૈસા લેખે | ૦=૬૦ |
| નાની ઉમાને રમાડવાના એક<br>માસના દરરોજના ૧ પૈસા લેખે | ૦=૩૦ |
| ઘરમાં આઠ દિવસ સફાઈ કરી<br>રોજના ૩ પૈસા લેખે | ૦=૨૪ |
| પરચૂરણ કામ કર્યું | ૦=૨૫ |
| એક રૂપિયો અને ઓગણચાળીસ પૈસા કુલ | ૧=૩૯ |

પછી મલકાતો મલકાતો મનુ બા પાસે ગયો.

બાને મનુ કહે: ‘બા, આ બિલ લો અને પૈસા ચૂકતે આપો.’

બા નવાઈ પામી બિલ લઈને બોલ્યાં: ‘મનુ, આ વળી શાનું બિલ?’

મનુ મરક મરક હસતો કહે: ‘અરે બા, વાંચ તો ખરી? પછી તને ખબર પડશે.’

બાએ બિલ વાંચ્યું. થોડી વાર જરા ગંભીર થઈ ગયાં. પછી ખડખડ હસતાં બા કહે: ‘ઓહો! આ તો અમારા મનુભાઈનું બિલ! લો, ભાઈ, લો,

તમારા બિલના પૈસા.'

એમ કહીને બાએ એના હાથમાં એટલી રકમ ગણીને મૂકી દીધી.

મનુ હર્ષમાં આવી ગયો. તે પૈસા લઈને પોતાની ઓરડીમાં ગયો. પાકીટમાં પૈસા મૂકી દીધા.

અડધો કલાક વીતી ગયો હશે. મનુ અભ્યાસ કરતો બેઠો હતો.

ત્યાં તો બા હસતાં હસતાં આવ્યાં. બા કહે : 'મનુભાઈ, છો કે?'

મનુ કહે : 'બા, શું કામ છે?'

એના હાથમાં બિલ મૂકી બા હસતાં હસતાં કહે : 'લો મનુભાઈ, આ તમારું બિલ, પૈસા ચૂકતે આપી દેશોજી.'

મનુ નવાઈ પામી કહે : 'બા, કોનું આ બિલ છે? શાના પૈસા?'

બા મરક મરક હસતાં કહે : 'મનુભાઈ, જરા વાંચો તો ખરા.'

મનુ બિલ વાંચવા લાગ્યો :

રૂ. પૈસા

| | |
|---|---|
| તું જન્મ્યો ત્યારથી તારી સાર- | |
| સંભાળ લીધી અને પોષ્યો તેના | કંઈ નહિ |
| તું રાતે ભીનું કરતો, ત્યારે તને | |
| સૂકામાં સુવડાવી હું પોતે ભીનામાં | |
| સૂઈ રહેતી તેના | કંઈ નહિ |
| તું બીમાર પડ્યો ત્યારે તારી સેવા- | |
| ચાકરી કરતી અને ઉજાગરા કરતી તેના | કંઈ નહિ |
| તારાં મળપેશાબ સાફ કર્યાં તેના | કંઈ નહિ |
| બીજું ઘણું બધું પરચૂરણ કર્યું તેના | કંઈ નહિ |
| કુલ | કંઈ નહિ |



મનુ તો બિલ વાંચીને રડી જ પડયો. તે બાને ગળે વળગી પડયો. તે રડતો રડતો કહે : 'બા, મારે મારા બિલના પૈસા ન જોઈએ. મને માફ કર !'

બાએ ખૂબ હેતથી મનુને છાતી સરસો ચાંપ્યો. કપાળ પર મીઠી ચૂમી કરી બા બોલ્યાં :

'દીકરા મનુ, મને મારા બિલની રકમ મળી ગઈ.'

*

## ૫

# સંતની સોબત ઉપાધિ ટાળે

એક વાર ગામમાં એક સાધુપુરુષ પધાર્યા. તેમના સારા સ્વભાવથી ગામનાં બાળકોથી માંડીને ઘરડાં સ્ત્રી–પુરુષો સુધી સૌ કોઈ સાધુ મહારાજ તરફ માન અને આદરથી જોવા લાગ્યાં.

દિવસે સાધુ મહારાજ ગામની શાળામાં જાય અને બાળકો સાથે હળેમળે અને સારી સારી વાતો કરે. માબાપ અને ગુરુજીનું કહેવું માનવું, ગરીબ અને અપંગ માણસને મદદ કરવી; ઘરડાં માણસોની

સેવા કરવી; સારું સારું ભણવું અને સારા સારા સંસ્કાર જીવનમાં ઉતારવા; ગાળો કે અપશબ્દ કદી બોલવાં નહિ. એવી એવી શિખામણ એ સાધુપુરુષ મીઠી મીઠી વાર્તાઓ દ્વારા બાળકોને ગળે ઉતારતા. બાળકો પણ સાધુ મહારાજને જોઈ રાજી રાજી થઈ જતાં અને એમની વાતો સાંભળવા ટોળે વળી બેસી જતાં.

રોજ રાતે ગામને ચોતરે એ સંતપુરુષ ભજન-કીર્તન કરે. એ સાંભળવા આખું ગામ ભેગું થાય.

આ બધું જોઈને ગામનો મુખી અકળાઈ જાય. એને મનમાં થયું :

'હું આ ગામનો મુખી છું. પણ મારી પાસે બધાં ઉમંગભેર આવતાં નથી; મારું કોઈ બરોબર સાંભળતું યે નથી. અને આ સાધુડો બે-ચાર દી થયાં આવ્યો છે, પણ એણે ગામ લોકો પર એવી તે શી ભૂરકી નાખી દીધી છે કે, બધાં માણસો એની પાછળ ઘેલાં થઈ ગયાં છે અને એની આસપાસ ટોળે વળીને બેસે છે? એ હવે અહીંથી વહેલો જાય તો સારું. નહિ તો મારો ભાવ કોઈ પૂછનાર નથી!'

આમ, મુખી રોજ મનમાં ને મનમાં બળ્યા

કરે. પણ એથી શું વળે? જ્યાં આખું ગામ સંત-પુરુષ તરફ પ્રેમ અને સદ્ભાવ રાખતું હોય, ત્યાં મુખીનું શું ચાલે?

એક દિવસે ગામના કેટલાક જુવાનિયાઓને થયું, 'રાતે આખું ગામ ચોતરે ભેગું થાય છે. પણ આપણા મુખી જ શા માટે એકેય દિવસ આવતા નથી? ચાલો, આપણે છગનકાકા પાસે જઈએ અને કોઈ પણ હિસાબે આજે રાતે એમને ય ભજન–કીર્તન સાંભળવા તેડી લાવીએ.'

જુવાનિયાઓને કોઈ વિચાર આવે એટલે એને અમલમાં મૂક્યા વિના તેઓ શાના રહે? તેઓ તો પહોંચ્યા મુખીને ઘેર. 'રામ, રામ! છગનકાકા, રામ, રામ!' કરીને બેઠા.

મુખી આજે જુવાનિયાઓને ભેગા મળી પોતાને ત્યાં અચાનક આવેલા જોઈને વિમાસણમાં પડી ગયો. તે કહે: 'કાં ભાઈઓ આજે તમે બધા ભેગા મળીને અહીં શા માટે આવ્યા છો? શું ગામમાં ક્યાંક ઝઘડોબઘડો તો નથી થયો ને?'

એક જુવાન બોલ્યો: 'ના, ના, છગનકાકા, એવું કશું નથી. અમે તો આપને એ પૂછવા આવ્યા છીએ કે, રોજ રાતે ગામને ચોતરે આખું ગામ

ભગવાનનું નામ લેવા ભેગું થાય છે. પણ અમે જોયું કે, આપ જ ત્યાં કદી આવતા નથી! એનું કારણ શું ?'

મુખીએ બહાનું કાઢતાં કહ્યું : 'જુઓને ભાઈઓ! હવે હું ઘરડો થયો. વળી મારી તબિયત પણ આજકાલ ક્યાં સારી રહે છે? આખો દી ખેતરમાં કામ કર્યા પછી સાંજ પડતાં હું એવો તો થાકીને લોથપોથ થઈ જાઉં છું કે, ક્યાંય બહાર નીકળવાનું મન થતું નથી. વળી અવસ્થાને લીધે ઉજાગરો પણ થઈ શકતો નથી. નહિ તો હું આવ્યા વિના રહું ખરો ?'


બીજો જુવાન કહે : 'કાકા, આપની વાત બરોબર છે. પણ આપ એક વાર પણ ન આવો એ કેમ ચાલે? અમે તો આજે આપને લઈ ગયા વિના રહેવાના નથી. પાંચ મિનિટ પણ બેસીને પાછા ઘેર ચાલ્યા જજો. બોલો, કાકા આવશોને ?'

છેવટે ખૂબ આગ્રહ પછી મુખીએ ન છૂટકે આવવાની હા પાડી.

રાતે આખું ગામ ભેગું થયું હતું. મુખી પણ કચવાતા મને આવ્યો.

મુખીને મંડળીમાં આવેલા જોઈને સંતપુરુષ

એમને આવકાર આપતા બોલ્યા : 'આવ્યા ભાઈ? આવો.'



મુખી કમને પ્રણામ કરી એક બાજુએ ઊભો રહ્યો. એટલે બેસવાનું આસન બતાવી સંતપુરુષ બોલ્યા : 'બેસશો ભાઈ? બેસો.'

મુખી બેઠો. થોડી વારમાં કીર્તન શરૂ થયું. પણ મુખીનો અહંકાર એને શાનો સાંભળવા દે? મુખી તો પાંચેક મિનિટ પછી ઘેર જવા ઊભો થયો એટલે સંતપુરુષ બોલ્યા : 'ઊઠશો ભાઈ? ઊઠો.'

મુખી કચવાતા મને પ્રણામ કરી જવા લાગ્યો. એટલે સંતપુરુષ બોલ્યા : 'જશો ભાઈ? જાઓ.'

મુખી ઘર ભણી જવા લાગ્યો. પણ એના મનમાં પેલાં ચાર વાક્યો વારંવાર ગુંજતાં હતાં—

'આવ્યા ભાઈ? આવો.'

'બેસશો ભાઈ? બેસો.'

'ઊઠશો ભાઈ? ઊઠો.'

'જશો ભાઈ? જાઓ.'

મુખી તો ઘેર જઈ ઊંઘી ગયો. પણ ઊંઘમાં એ જ વાક્યોનું રટણ થયા કરતું હતું.

એવામાં એવું બન્યું કે, મુખીને ત્યાં ચાર ચોર ચોરી કરવા આવ્યા. ઘરની પાછળના ભાગમાં ખાતર પાડવા તેઓ એ બાજુ ગયા. ત્યાં તો એ લોકોએ મુખીને બોલતો સાંભળ્યો: 'આવ્યા ભાઈ? આવો.'

એ સાંભળીને ચોરો ચમક્યા અને એકદમ નીચે બેસવા લાગ્યા! એવામાં મુખી ઊંઘમાં બબડ્યો: 'બેસશો ભાઈ? બેસો.'

ચોરો તો ગભરાયા! એમને થયું, મુખીએ જરૂર આપણને જોઈ લીધા છે! તેઓ નાસી જવા ઊભા થયા, ત્યાં મુખી ઊંઘમાં બોલ્યો: 'ઊઠશો ભાઈ? ઊઠો.'

ચોરોના તો મોતિયા જ મરી ગયા! તેઓ

જીવ લઈને નાસવા તૈયાર થયા. એવામાં મુખી ઊંઘમાં ને ઊંઘમાં ખખડયો : 'જશો ભાઈ? જાઓ.'

એ સાંભળીને પેલા ચોરો તો જાય નાઠા! ઘેર પહોંચ્યા પણ ઘેર તેઓને ચેન પડે નહિ.

૬

# પંખીઓની લડાઈ

પંખીઓની જમાતના બે મુખ્ય ભાગ પડે છે: જલચર અને સ્થલચર.

પાણીમાં રહેનારાં જલચર પંખીઓનો રાજા હંસ હતો. તે એક સરોવરને કિનારે રહેતો હતો.

જમીન પર રહેનારાં સ્થલચર પંખીઓનો રાજા હતો મોર. તે એક પર્વત પર રહેતો હતો.

બંને રાજાઓનાં રાજ્ય મોટાં હતાં. બંને રાજ્યો એકબીજાની પાસે પાસે જ આવેલાં હતાં.

એક વખત હંસના રાજ્યમાંથી એક બગલો ફરતો ફરતો મોરના રાજ્યમાં ગયો. તે ત્યાં થોડા દિવસ પોતાના એક ભાઈબંધને ઘેર રહેવા આવ્યો હતો.

એક દિવસ કેટલાંક પંખીઓ ભેગાં મળીને

ટોળટપ્પા ચલાવતાં હતાં. એકબીજાના રાજ્યની વાતો કરતાં હતાં.

એવામાં કેટલાંક સ્થલચર પંખીઓએ બગલાને પૂછ્યું : 'બગલાભાઈ, તમે અમારે ત્યાં પહેલી વાર જ રહેવા આવ્યા છો. તમને અમારું રાજ્ય કેવું લાગ્યું ? અમારો રાજા કેવો છે ?'

બગલો તુચ્છકારથી હસ્યો, તે કહે : 'આવો મારવાડ જેવો નપાણિયો દેશ ! મારા જેવાનો પાણી વિના જીવ જ રૂંધાઈ જાય છે અને તમારો રાજા? સ્ત્રીઓની માફક રંગબેરંગી ટીલડીઓ પહેરીને અહીંતહીં ફરતો અને ઢેલની પાસે નાચ્યા કરતો એ તમારો રાજા ! વાહ દેશ ! વાહ રાજા !'

આ સાંભળીને સ્થલચર પંખીઓ રોષે ભરાયાં. બગલાને પોતાના રાજ્યની અને રાજાની આવી ટીકા કરતો જોઈને કેટલાંક પંખીઓનું લોહી ઊકળી ઊઠ્યું.

પંખીઓ તોછડાઈથી બોલી ઊઠ્યાં : 'હવે રહેવા દે તારી શેખી ! તમારા રાજ્યમાં અને તમારા રાજામાં શું બળ્યું છે ! કમળની પાંખડીઓ ફોલનારો રાજા અને કાદવકીચડથી સડ્યા કરતો તમારો દેશ ! ક્યા મોંએ તું આમ ઉઘાડેચોક અમારી

નિંદા કરે છે? તને શરમ પણ નથી આવતી?'

પછી તો વાત વધી પડી. વાતમાંથી બોલાચાલી અને બોલાચાલીમાંથી તેઓ મારામારી પર આવી લાગ્યાં.

નગરના કોટવાળ પોપટને આ વાતની જાણ થઈ. એટલે તેણે એ બધાંને પકડીને મોરરાજા પાસે હાજર કર્યાં.

પંખીઓએ પોતાના બચાવમાં કહ્યું: 'મહારાજ, આ દુષ્ટ બગલો આપણા રાજ્યમાં આવીને આપની તેમ જ આપણા રાજ્યની મન ફાવે તેમ હલકી નિંદા કરે છે. એ અમારાથી શી રીતે સહન થાય?'

મોરરાજાએ બધી વાત સાંભળીને પોતાનો મિજાજ ગુમાવ્યો. તે ત્રાડ પાડીને બગલાને કહેવા લાગ્યો: 'પારકા દેશમાં આવીને આ રીતે બેધડકપણે બોલનારની તો જીભ જ ખેંચી નાખવી જોઈએ. પણ અમે કંઈ તમારા જેવા કાયર નથી. જા. અહીંથી તારું મોઢું કાળું કર. ભાગ અહીંથી અને તારા રાજાને કહેજે કે, અમે લડવા આવીએ છીએ. રણમેદાનમાં જણાશે કે કોણ સ્ત્રી જેવું છે અને કોણ શૂરવીર છે. સિપાઈઓ, આ શેખીખોર બગલાને ધક્કા મારી નગરની બહાર હાંકી કાઢો!'

મોરરાજાનો વજીર ગીધ હતો. તે વયોવૃદ્ધ હતો. સમજુ પણ હતો. મૂરખ બગલાની વાતને આટલું મોટું સ્વરૂપ આપી લડાઈ ઊભી કરવી એ તેને યોગ્ય લાગ્યું નહિ.

ગીધે ઊભા થઈ શાંત અવાજે કહ્યું : 'મહારાજ, શાંત થાઓ. બગલા જેવા સામાન્ય પ્રાણીની વાત સાંભળીને ઉશ્કેરાઈ જવું એ આપને શોભે નહિ. આવી નકામી વાતમાંથી તે લડાઈનું કહેણ મોકલાતું હશે? એમાં બિચારા હંસરાજાનો શો વાંકગુનો? અને લડાઈથી કશી બાબતનો ફેંસલો થાય ખરો? લડાઈમાં શૂરવીર જ જીતે અથવા જે સાચો હોય તે જ જીતે, એમ શી રીતે કહેવાય?'

પરંતુ મોરરાજા બરોબર ગુસ્સે થયો હતો. ક્રોધી માણસ શાણપણ ગુમાવી બેસે છે. મોરે શાણા ગીધને ધમકાવી ચૂપ કરી દીધો.

બગલાએ મીઠુંમરચું ભભરાવીને વાતનું વતેસર કર્યું. હંસરાજા પણ લડાઈના જુસ્સામાં આવી ગયો.

થોડા વખતમાં બંને રાજાઓ વચ્ચે ભારે લડાઈ થઈ.

બહાદુરીથી લડવા છતાં મોરરાજાનું ઘણું


લશ્કર હણાયું. તેણે હવે કાવાદાવાનો આશરો લીધો.

મોરરાજાએ થોડાક વિશ્વાસુ કાગડાઓને બોલાવ્યા. તેણે કાગડાઓને આખી બાજી સમજાવી દીધી. એટલે કાગડાઓ હંસરાજાના રાજ્યમાં દાખલ થયા.

કાગડાઓ સીધા હંસરાજા પાસે ગયા. ત્યાં જઈને કાગડાઓએ મોરરાજાની નિંદા કરવા માંડી. કાગડાઓ બોલ્યા: 'મહારાજ, આ સાચા માણસોનો જમાનો નથી! અમે મોરરાજાને કહ્યું કે, "હંસરાજા બહુ ભલા રાજા છે. એની સાથે દુશ્મનાવટ કરવી ઠીક નહિ. હંસરાજા ખૂબ બળવાન છે. એ આપને હરાવીને ભગાડી મૂકશે. માટે આપ એમની સાથે મિત્રાચારી કરો." પરંતુ દુષ્ટ મોરરાજા આ સાંભળીને ખૂબ ગુસ્સે થઈ ગયો અને તેણે અમને દેશનિકાલ કર્યા છે.'

હંસરાજા કાગડાઓની વાત સાંભળીને ખુશ થઈ ગયો. તેણે કહ્યું: ભલે તમે અહીં સુખેથી રહો. તમને અહીં કોઈ પજવશે નહિ.'

કાગડાઓ હંસરાજાના કિલ્લામાં રહેવા લાગ્યા. એક દિવસ લાગ જોઈને કાગડાઓએ કિલ્લો ચારે બાજુથી સળગાવી મૂક્યો. ભારે દોડધામ અને હોહા થઈ ગઈ.



આ તકનો લાભ લઈ મોરરાજાએ પોતાનું રહ્યુંસહ્યું લશ્કર એકઠું કરીને હંસરાજા ઉપર હુમલો કર્યો.

અણધાર્યો હુમલો થવાથી હંસરાજ મૂંઝાઈ ગયો. તે કશો બચાવ કરી શકયો નહિ. હંસરાજા હાર્યો અને માંડ જીવ બચાવી નાસી છૂટયો.

ગીધ વજીરને આ બધી પાયમાલી થતી જોઈને ભારે દુઃખ થયું. પડોશી રાજ્યની નિર્દોષ પ્રજાનો આમ નાહક સંહાર થતો એ જોઈ શકયો નહિ.

ગીધ મોરરાજા પાસે ગયો. તેણે નમ્રપણે અરજ કરી : 'મહારાજ, હવે બસ થયું. અહીંથી આ વાતનો અંત આણો. આજે આપણે જીત્યા છીએ

ખરા, પણ તે આપણા બળથી જીત્યા નથી.'

મોરરાજાએ ગીધને વચ્ચેથી બોલતો અટકાવીને કહ્યું : 'હવે સંધિની વાત કેવી? હંસરાજાનું હવે કશું નહિ ચાલે. તેણે શરણે આવવું જ પડશે.'

ગીધે કહ્યું : 'મહારાજ, હંસરાજા અત્યારે નાસી ગયો છે. પણ જરૂર તે ફરી લશ્કર ભેગું કરશે અને થોડા દિવસમાં પાછો લડવા આવશે. ચોમાસું બેસવાને હવે વાર નથી. ચોમાસામાં જળચર પંખીઓ બમણું જોર કરી શકશે. અને આપણે આ કીચડવાળા દેશમાં ફાવીશું નહિ. માટે મહારાજ, મારું માનો અને આ નાહક ઊભી થયેલી લડાઈ અહીંથી જ પતાવી દો. હંસરાજા સાથે સુલેહ કરો અને તેનું રાજ્ય તેને પાછું આપી રાજી કરો. તો જ આ વધતા જતા વેરનો અંત આવશે."

પણ મોરરાજા શાનો માને? તેણે લડાઈ જારી રાખી. હંસરાજા પકડાયો.

મોરરાજા વિજયના આનંદમાં નાચી ઊઠ્યો. હંસરાજાના રાજ્યમાં પોતાના માણસોને કારભાર સોંપીને હંસરાજાને કેદી તરીકે પોતાના રાજ્યમાં લઈ જવાની તે ગોઠવણ કરવા લાગ્યો.

બીજી બાજુ હંસરાજાના વજીર ચાતકે સારસ પંખીઓની મોટી ટુકડી તૈયાર કરી. એ ટુકડીને લઈ સેનાપતિ મોરરાજાની રાજધાની ઉપર હુમલો કરવા ઊપડ્યો.

રાજધાનીમાં રાખેલું મોરરાજાનું થોડું ઘણું લશ્કર નાશ પામ્યું. સારસોએ મોરરાજાની રાણીઓને કેદ કરી.

આ સમાચાર મોરરાજાને કાને ગયાં. એટલે પોતાની રાણીઓને છોડાવવા લશ્કરને લઈને મોરરાજા પોતાની રાજધાની તરફ દોડી જવા તૈયાર થયો.

આ તકનો લાભ ઉઠાવી, હંસરાજાના કેટલાક વિશ્વાસુ સૈનિકો હંસરાજાને કેદમાંથી છૂટા કરીને નગર બહાર લઈ ગયા.

હંસરાજા હાથમાંથી છટકી ગયો. એટલે મોર-રાજા વધારે નાસીપાસ થઈ ગયો.

આ વખતે ગીધે મોરરાજાને ફરીથી કહ્યું: 'મહારાજ, આપણે જો આપણી રાજધાની તરફ લડવા જઈશું, તો હંસરાજા લશ્કર ભેગું કરીને આપણી પાછળથી બીજો હુમલો કરશે. તેના કરતાં હવે આ કારમી લડાઈ લંબાવવાને બદલે હંસરાજા

સાથે દોસ્તી કરો અને બધો ઝઘડો પતાવી દો. આપણે તેને રાજ્ય પાછું આપીશું, તો આપણો હાથ ઊંચો રહેશે અને તે તરત જ આપણો મિત્ર બની જશે.'

મોરરાજા પણ લડાઈથી ત્રાસી ગયો હતો. તેને હવે કંઈક સમજ આવી. તેણે હંસરાજા સાથે સુલેહ કરવા ગીધને જ મોકલ્યો.

ગીધ હંસરાજા પાસે ગયો અને કહેવા લાગ્યો: 'મહારાજ, આ લડાઈ નજીવી વાતમાંથી નકામી ઊભી થઈ છે. એને લંબાવવાથી આપસઆપસમાં વેર વધતું જાય છે. મોરરાજાને તમારી સામે કશો વેરભાવ નથી. તે તમારી મિત્રતા જ ઇચ્છે છે. તમારું રાજ્ય તે તમને પાછું આપે છે, અને તમને જાતે મળી દોસ્તી કરવા માગે છે.'

હંસરાજાને ગીધની વાતમાં વિશ્વાસ ન બેઠો. તેને થયું: 'આમાં કાગડાઓ જેવું કંઈક કાવતરું તો ન હોય!'

પરંતુ હંસરાજાનો વજીર ચાતક ગીધને સારી રીતે ઓળખતો હતો. ચાતકે હંસરાજાને સમજાવીને કહ્યું: 'મહારાજ, મોરરાજા જાતે દોસ્તી કરવા આવતા હોય, તો તેમનો પ્રેમથી સત્કાર કરવો જોઈએ.'

હંસરાજા કબૂલ થયો. મોરરાજા તેને મળવા આવ્યો, ત્યારે તે સામો લેવા ગયો અને પ્રેમથી ભેટ્યો.

હંસરાજાએ પોતાના રાજ્યમાં ચારે તરફ તોરણો બંધાવ્યાં અને ઉત્સવ કરાવ્યો. બંને રાજાઓ દરબારમાં એક જ સિંહાસન ઉપર બેઠા. નજીવી વાતમાં કેવી મોટી લડાઈ ઊભી થઈ તેનો વિચાર કરી બંને પસ્તાવા લાગ્યા.

મોરરાજા પોતાના રસાલા સાથે થોડા દિવસ હંસરાજાના પરોણા તરીકે રહ્યો. પછી પોતાને દેશ તે પાછો ફર્યો.

ત્યાર પછી એ બંને કદી વચ્ચે લડાઈ થઈ નહિ. બધાં સંપીને રહેવા લાગ્યાં.